# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતનાં સુરત અને દમણમાં 20 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
2. ભારતીય રિઝર્વ બેંકે આ નાણાકીય વર્ષમાં સતત બીજી વખત વ્યાજ - દર યથાવત રાખ્યા.
3. સરકારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝમાંથી મૂડી લાભ અને વ્યાજની આવક પર સંપૂર્ણ કરમુક્તિ આપી.
4. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલુ.
5. જાપાનમાં એશિયા કપ હોકી ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM – VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સુરત અને દમણના પ્રવશે આવશે. પ્રધાનમંત્રી રોડ, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં 18 હજાર 800 કરોડ રૂપિયાથી વધુ અનેક વિકાસપરિયોજનાઓનો શુભારંભ કરશે. શ્રી મોદી સૌપ્રથમ હજીરાની મુલાકાત લેશે અને બપોરે એક વિશાળ જાહેર સભાને સંબોધતા પહેલા નિર્માણધીન ઔદ્યોગિક અને માળખાગત સુવિધાઓની સમીક્ષા કરશે. એક અહેવાલ સાંભળીએ

**(BYTE: APARNA KHUNT) – SURAT**

પ્રધાનમંત્રી સાંજે કેન્દ્રશાસિત પ્રદેશ દમણની મુલાકાત લેશે જ્યાં તેઓ દમણમાં લગભગ બે હજાર 970 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમારા સવાંદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ.....

**(BYTE: APARNA KHUNT) - DAMAN**

# PREZ-PADM AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આગામી 23 જૂન બીજા નાગરિક સન્માન સમારોહમાં 65 પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આ વર્ષના પદ્મ પુરસ્કારો એનાયત કરશે. ગયા મહિનાની શરૂઆતમાં, સુશ્રી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત પ્રથમ નાગરિક સન્માન સમારોહમાં 66 પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા હતા.

આ વર્ષે, રાષ્ટ્રપતિએ કુલ 131 પદ્મ પુરસ્કારોને મંજૂરી આપી છે, જેમાં પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રી પુરસ્કારોનો સમાવેશ થાય છે.

# RBI MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંક-RBIએ આ ચાલુ નાણાકીય વર્ષમાં સતત બીજી વખત વ્યાજ દર યથાવત રાખ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ માટે બીજી દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે તટસ્થ વલણ સાથે ટૂંકા ગાળાના ધિરાણ દર અથવા રેપો રેટ 5.25 ટકા પર જાળવવાનો નિર્ણય કર્યો છે. બેંકે આ નાણાકીય વર્ષ માટે GDP વૃદ્ધિનું અનુમાન અગાઉના 6.9 ટકાથી ઘટાડીને 6.6 ટકા કરી છે. બેંકે આ નાણાકીય વર્ષ માટે CPI ફુગાવાનો લક્ષ્યાંક પણ 4.6 ટકાથી વધારીને 5.1 ટકા કર્યો છે. બેંકે બિન-નિવાસી ભારતીયો (NRI) દ્વારા ઇક્વિટી સાધનોમાં રોકાણ મર્યાદા પણ વધારી છે.

## (BYTE– RBI GOVERNER)

# CENTRE - FOREIGN INVESTOR

સરકારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝમાંથી મૂડી લાભ અને વ્યાજની આવક પર સંપૂર્ણ કર મુક્તિ આપી છે. આ મુક્તિ આ વર્ષની પહેલી એપ્રિલથી અમલમાં આવશે. સરકારે આ સંદર્ભમાં આવકવેરા સુધારો વટહુકમ 2026 જારી કર્યો છે.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાથી સરકારી સિક્યોરિટીઝ પર ઘણા દેશોની જેમ કરવેરામાં વધારો થશે. મંત્રાલયે જણાવ્યું હતું કે બેંક ફોર ઇન્ટરનેશનલ સેટલમેન્ટ્સ (BAS) ને પણ આવી જ આવકવેરા મુક્તિ અપાઈ છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે આ પેન્શન ભંડોળ, વીમા કંપનીઓ અને સોવરિન વેલ્થ ફંડ્સ જેવા લાંબા ગાળાના રોકાણકારોને વિદેશી મૂડીનો સ્થિર અને વ્યવસ્થિત પ્રવાહ સુનિશ્ચિત કરશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારાઓનો ઉદ્દેશ્ કાર્યકારી જટિલતાઓને ઘટાડવા, બજાર ઉપલબ્ધતાને સરળ બનાવવા અને અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય બજારોની જેમ વધુ સીમલેસ રોકાણ પ્રદાન કરવાનો છે.

# BJP-ANNAMALAI

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને તમિળનાડુ રાજ્ય અધ્યક્ષ કે. અન્નામલાઈનું પાર્ટીના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું સ્વીકારી લીધું છે. અન્નામલાઈએ તાજેતરમાં જ ભાજપ અધ્યક્ષને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું.

# KARNATAKA-PORTFOLIO

કર્ણાટકના જળ સંસાધન મંત્રી રામલિંગા રેડ્ડીએ આજે તેમને મંત્રાલય ફાળવણીને લઈને રાજીનામું આપ્યું છે. બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેમને બેંગલુરુ વિકાસ મંત્રાલય આપવાનું વચન અપાયું હતું, પરંતુ તેના બદલે તેમને જળ સંસાધન મંત્રાલય આપવામાં આવ્યું. તેમણે કહ્યું કે તેઓ ધારાસભ્ય તરીકે સેવા આપતા રહેશે અને કોંગ્રેસ પાર્ટીમાં રહેશે. ત્રીજી જૂને શપથ લીધા બાદ ગઈકાલે મંત્રી મંડળને નવા મંત્રાલયો ફાળવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કહ્યું કે તેઓ રામલિંગા રેડ્ડી સાથે આ મુદ્દા પર ચર્ચા કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ENVIRONMENT DAY

આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ વર્ષ 1973 થી પૃથ્વી પર જીવન બચાવવા અંગે જાગૃતિ લાવવા દર વર્ષે ૫ જૂને આ દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ દેશવાસીઓને વિશ્વ પર્યાવરણ દિવસની શુભકામના પાઠવતા સૌને પર્યાવરણની જાળવણી કરવા અનુરોધ કર્યો.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને દેશવાસીઓને પર્યાવરણીય સંરક્ષણ, ટકાઉ જીવન અને જૈવવિવિધતાના રક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા અપીલ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે ભારતની સભ્યતાએ તેના નાગરિકોને પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવાનું શીખવ્યું છે. દરેક નાગરિકને ભાવિ પેઢીઓ માટે હરિયાળું, સ્વસ્થ અને સમૃદ્ધ ભવિષ્ય બનાવવા સાથે મળીને કામ કરવું જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે "એક પેડ મા કે નામ" જેવી પહેલોએ વાર્ષિક આશરે 1.1 લાખ હેક્ટર વન વિસ્તાર વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. શ્રી મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ પર દરેકને શુભેચ્છા પાઠવી અને પર્યાવરણ સંરક્ષણ માટે સમર્પિત તમામ લોકોની પ્રશંસા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ દિવસ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય" ના સિદ્ધાંતથી પ્રેરિત થઈને, ભારત મિશન લાઇફની ભાવનામાં સ્વચ્છ, હરિયાળો અને વધુ ટકાઉ ગ્રહ તરફ કામ કરવાનું ચાલુ રાખશે. શ્રી મોદીએ કહ્યું કે દેશના લોકોએ દર્શાવ્યું છે કે સામૂહિક પ્રયાસો, મજબૂત નીતિઓ, વિજ્ઞાનમાં વિશ્વાસ અને નવીનતા નોંધપાત્ર પર્યાવરણીય સુધારા લાવી શકે છે.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રીઓ સર્વેશ્રી અમિત શાહ, રાજનાથ સિંહ, શિવરાજસિંહ ચૌહાણ, ભૂપેન્દ્ર યાદવ, ડો એસ જયશંકર, પિયુષ ગોયલ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓએ વિશ્વ પર્યાવરણ દિવસની શુભેચ્છાઓ પાઠવી.

# TRUMP IRAN NEGOTIATIONS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલુ છે. તેમણે કહ્યું કે કોઈપણ કરારમાં ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા કાયમી ધોરણે અટકાવવા જોઈએ. વ્હાઇટ હાઉસમાં બોલતા શ્રી ટ્રમ્પે કહ્યું કે પરમાણુ અપ્રસાર તેમના વહીવટીતંત્રના અભિગમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેમણે કહ્યું કે ભવિષ્યના કોઈપણ કરાર હેઠળ ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવાની મંજૂરી આપશે.

શ્રી ટ્રમ્પે વર્ષ2015 ના પરમાણુ કરારની ટીકા કરતાં તેને ઈરાનના પરમાણુ શસ્ત્રો મેળવવાનો માર્ગ ગણાવ્યો અને દાવો કર્યો કે કોઈપણ નવો કરાર મૂળભૂત રીતે અલગ હશે. ઈરાની પરમાણુ ઠેકાણા પર અમેરિકાના હુમલાનો બચાવ કરતા, તેમણે કહ્યું કે આ સુવિધાઓ "સંપૂર્ણપણે નાશ પામી" છે અને તેના પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. શ્રી ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો અમેરિકન સૈનિકોને નિશાન બનાવવામાં આવશે તો તાત્કાલિક વળતો જવાબ અપાશે.

# HOCKEY-U-18-ASIA-CUP

ભારત આજે પુરુષોની અંડર-૧૮ એશિયા કપ હોકી ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ જાપાનના કાકામિગહારા હોકી સ્ટેડિયમ ખાતે આજે ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. ભારતે પૂલ-Aમાં નવ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહીને અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે. આજની મેચની વિજેતા ટીમ ફાઇનલમાં પહોંચશે અને જાપાન અથવા પૂલ- B ની ટોચની ટીમનો સામનો કરશે.

# OMAN-CRUDE OIL

ઓમાન દ્વારા મિના અલ ફાહલ નિકાસ ટર્મિનલ પર તેલ પુરવઠા કેન્દ્રો નજીક વિસ્ફોટ થવાને કારણે ક્રૂડ ઓઇલ નિકાસ અટકાવી દેવામાં આવી છે. આ વિસ્ફોટ ટર્મિનલના બે સિંગલ-બોય મૂરિંગ બર્થ, SBM 1 અને 2 વચ્ચે થયો હતો, જેનો ઉપયોગ ટેન્કરોમાં ક્રૂડ ઓઇલ ભરવા થાય છે.

મીડિયા અહેવાલો જણાવે છે કે વિસ્ફોટ ડ્રોન હુમલાને કારણે થયો હતો. જોકે ઓમાનના અધિકારીઓએ ઘટનાના કારણની સત્તાવાર પુષ્ટિ કરી નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ બંદર નજીક ઘણા સુપરટેન્કર લંગરાયેલા છે, જેના કારણે પુરવઠા પ્રક્રિયામાં વિક્ષેપ પડી રહ્યો છે.

મસ્કત નજીક સ્થિત મિના અલ ફાહલ ઓમાનનું મુખ્ય ક્રૂડ ઓઇલ નિકાસ ટર્મિનલ છે અને દેશના મોટાભાગના તેલ નિકાસનું સંચાલન કરે છે. તે ઓમાનના અર્થતંત્ર માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને વૈશ્વિક ઊર્જા પુરવઠા શૃંખલાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.